| PUBLICATION NAME : | NavGujarat Samay |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 03/12/2022 |
| PAGE: | 4 |

# આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની પૂર્વસંધ્યાએ EDII દ્વારા દિવ્યાંગજનો માટે રમતગમત, ચિત્રસ્પર્ધા યોજાઈ





**નવગુજરાત સમય>** અમદાવાદ: આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII), અમદાવાદના સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ડિફરન્ટલી એબલ્ડ (સીઈડીએ - દિવ્યાંગ સશક્તિકરણ કેન્દ્ર)એ શુક્રવારે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની પૂર્વસંધ્યા પર દિવ્યાંગજનો માટે રમતગમત અને ચિત્રસ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજિન્દર સિંઘ રહેલુ (અર્જુન પુરસ્કાર વિજેતા) અને સચિન ચૌધરી (પેરાલિમ્પિયન) ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ વિસ્તારમાંથી 77 ખેલાડી સહભાગી થયાં હતાં. કાર્યક્રમમાં બેડમિન્ટન, કેરમ, ચેસ અને ટેબલ ટેનિસ જેવી રમતો રમાઈ હતી. આ કાર્યક્રમમાં 5 સહભાગી શાળાના 35 વિદ્યાર્થી ચિત્રસ્પર્ધામાં જોડાયા હતાં. આ કાર્યક્રમોના વિજેતાઓને 3 ડિસેમ્બરે EDIIમાં આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની ઉજવણી કરવા બિરદાવવામાં આવશે.

નવગુજરાત સમય